વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ




પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો

પત્રાંક – ૩૫૭

મુંબઈ, ચૈત્ર વદ ૫, રવિ, ૧૯૪૮

હૃદયરૂપ શ્રી સુભાગ્ય,

તમારાં વિગતવાળાં એક પછી એક એમ ઘણાં પત્રો મળ્યા કરે છે કે જેમાં પ્રસંગોપાત્ત શીતળ એવી જ્ઞાનવાર્તા પણ આવ્યા કરે છે. પણ ખેદ થાય છે કે, તે વિષે ઘણું કરીને અધિક લખવાનું અમારાથી બની શકતું નથી.

સત્સંગ થવાનો પ્રસંગ ઇચ્છીએ છીએ, પણ ઉપાધિયોગનો જે ઉદય તે પણ વેદવા વિના ઉપાય નથી. ચિત્ત ઘણી વાર તમ પ્રત્યે રહ્યા કરે છે. જગતમાં બીજા પદાર્થો તો અમને કંઈ રુચિનાં કારણ રહ્યા નથી. જે કંઈ રુચિ રહી છે તે માત્ર એક સત્યનું ધ્યાન કરનારા એવા સંત પ્રત્યે, જેમાં આત્માને વર્ણવ્યો છે એવાં સત્શાસ્ત્ર પ્રત્યે, અને પરેચ્છાએ પરમાર્થનાં નિમિત્ત-કારણ એવાં દાનાદિ પ્રત્યે રહી છે. આત્મા તો કૃતાર્થ સમજાય છે.

*

પત્રાંક – ૩૫૮

મુંબઈ, ચૈત્ર વદ ૫, રવિ, ૧૯૪૮

જગતના અભિપ્રાય પ્રત્યે જોઈને જીવ પદાર્થનો બોધ પામ્યો છે. જ્ઞાનીના અભિપ્રાય પ્રત્યે જોઈને પામ્યો નથી. જે જીવ જ્ઞાનીના અભિપ્રાયથી બોધ પામ્યો છે તે જીવને સમ્યક્દર્શન થાય છે.

'વિચારસાગર' અનુક્રમે (પ્રારંભથી છેવટ સુધી) વિચારવાનો હાલ પરિચય રાખવાનું બને તો કરવા યોગ્ય છે.

માર્ગ બે પ્રકારનો જાણીએ છીએ. એક ઉપદેશ થવા અર્થેનો માર્ગ, એક વાસ્તવ્ય માર્ગ. 'વિચારસાગર' ઉપદેશ થવા અર્થે વિચારવા યોગ્ય છે.

જ્યારે જૈનશાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે જૈની થવાને નથી જણાવતા; વેદાંતશાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે વેદાંતી થવા નથી જણાવતા; તેમ જ અન્ય શાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે અન્ય થવા નથી જણાવતા; માત્ર જે જણાવીએ છીએ, તે તમ સર્વને ઉપદેશ લેવા અર્થે જણાવીએ છીએ. જૈની અને વેદાંતી આદિનો ભેદ ત્યાગ કરો. આત્મા તેવો નથી.

*

પત્રાંક – ૩૫૯

મુંબઈ, ચૈત્ર વદ ૮, ૧૯૪૮

હૃદયરૂપ સુભાગ્ય,

આજે પત્ર ૧ પ્રાપ્ત થયું છે.

પત્ર વાંચવા પરથી અને વૃત્તિજ્ઞાન પરથી હાલ આપને કાંઈક ઠીક રીતે ધીરજબળ રહે છે, એમ જાણી સંતોષ છે.


કોઈ પણ પ્રકારે પ્રથમ તો જીવનું પોતાપણું ટાળવા યોગ્ય છે. દેહાભિમાન ગલિત થયું છે જેનું, તેને સર્વ સુખરૂપ જ છે. જેને ભેદ નથી તેને ખેદ સંભવતો નથી. હરિઇચ્છા પ્રત્યે વિશ્વાસ દ્રઢ રાખી વર્તો છો, એ પણ સાપેક્ષ સુખરૂપ છે. જે કંઈ વિચારો લખવા ઇચ્છા થાય તે લખવામાં ભેદ નથી રાખતા એમ અમે પણ જાણીએ છીએ.


*

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૯ : અંક-૩૦૯, વર્ષ-૨૫, સપ્ટેમ્બર-૨૦૨૩

**શ્રાવણ સુદ ૫, શનિવાર, તા.૨૩-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૯૯,૧૦૦ પ્રવચન-૪૨**





**સામાયિક ચારિત્રનું કથન**

**सव्वे जीवा णाणमया, जो सम-भाव मुणेइ।**
**सो सामाइउ जाणि फुडु, जिणवर एम भणेइ।।९९।।**

**સર્વ જીવ છે જ્ઞાનમય, એવો જે સમભાવ;**
**તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ. ૯૯.**

**અન્વયાર્થ : (सव्वे जीवा णाणमया) બધા જ જીવ જ્ઞાનસ્વરૂપી છે એમ (जो सम-भाव मुणेइ) જે કોઈ સમભાવનું મનન કરે છે (सो सामाइउ जाणि फुडु) તેને જ પ્રગટપણે સામાયિક જાણો (सए जिणवर भणेइ) એમ શ્રી જિનેન્દ્ર કહે છે.**

આ 'યોગસાર' શાસ્ત્ર છે, એમાં ૯૯ મી ગાથા. ચારિત્ર એટલે સમભાવ કોને કહેવો? અને સમભાવ કોને હોય છે? અને સમભાવ કેમ હોય છે? સમજાણું કાંઈ? કોને હોય છે? કેમ હોય છે? એ કહે છે, જુઓ!

**सव्वे जीवा णाणमया, जो सम-भाव मुणेइ।**
**सो सामाइउ जाणि फुडु, जिणवर एम भणेइ।।९९।।**

'सव्वे जीवा णाणमया' જુઓ! સમભાવ એને હોય છે કે જે બધા જીવોને જ્ઞાનમય દેખે છે. 'સર્વ જીવ છે જ્ઞાનમય' એ એનો અર્થ છે. 'શ્રીમદ્'માં એમ આવે છે, 'સર્વ જીવ છે સિદ્ધ સમ'. આ 'યોગીન્દ્રદેવ આચાર્ય' (કહે છે), સર્વ જીવ છે જ્ઞાનમય. એમ પોતાને પણ જ્ઞાનમય દેખતા સમભાવ પ્રગટ થાય. પોતે જ્ઞાનમય છે, જ્ઞાનમય એકલો જ્ઞાતાદ્રષ્ટાના સ્વભાવમય (છે), એમ દેખતા સમભાવ - વીતરાગતાની પર્યાય ઉત્પન્ન થાય.

અને બીજા બધા જીવો જ્ઞાનમય છે એમ દેખતા એની કર્મના વશે વિવિધતા દેખે તો આ ઠીક છે, અઠીક છે એમ રાગ–દ્વેષ થાય, પણ કર્મના વશે થયેલી એની વિવિધતા એને ન દેખતા તે બધા જ્ઞાનમય છે, બધા ચૈતન્યમય છે. એમ બીજાને પણ ચૈતન્યમય, જ્ઞાનમય દેખતા કર્મના વશે થયેલી એની વિવિધતામાં આ ઠીક છે, અઠીક (છે) એવી બુદ્ધિ જ્ઞાનમય દેખતાને રહેતી નથી. સમજાણું કાંઈ?

સર્વ જીવ છે જ્ઞાનમય. જુઓ! અહીં તો સર્વ લીધા, હોં! પોતે તો છે પણ એનો અર્થ એ થયો. હું એક જ્ઞાનમય જાણનાર–દેખનાર સ્વરૂપ (છું). એમ જેણે દ્રષ્ટિ કરી એને પોતામાં પણ સમભાવની વીતરાગતાની ઉત્પત્તિ થાય. એ બધા જીવોને દ્રવ્ય - તત્ત્વ દ્રષ્ટિથી દેખે તો એ પણ બધા ભગવાન જ્ઞાનમય છે. એટલે એની વિષમતાને ઠીક, અઠીકપણે ન દેખે. વિષમતા કર્મને આધીન, જ્ઞાનવરણીયને આધીન, ઓછા–વત્તા જ્ઞાનપણું હો. દર્શનાવરણીયને આધીન, ક્ષયોપશમ ચક્ષુ–અચક્ષુનો ઓછો–અધિક હો. મોહનીયને આધીન રાગાદિ, મિથ્યા ભ્રાન્તિ આદિ હો. અંતરાયને આધીન પોતે વશ થઈને કરે, હોં! વિકારાદિ નબળાઈ દેખાય કે આયુષ્યને આધીન દીર્ઘ આયુષ્ય અને  કોઈ થોડા આયુષ્યવાળો દેખાય. નામને આધીન ભિન્ન–ભિન્ન, સુંદર–અસુંદર, સુડોળ–અડોળ એવા શરીરનાં આકારો દેખાય, પણ એ તો બીજી ભિન્ન ચિજ છે. ગોત્રને તાબે થયેલી નીચ અને ઉચ કૂળની અવસ્થા દેખે તો પર્યાયદ્રષ્ટિથી દેખવાનું છે. એ જાણવાનું છે. સમજાય છે કાંઈ? વેદનીયના નિમિત્તથી કોઈને ધનવાન, સ્વધન, નિર્ધન દેખે તો ઈ તો સંયોગથી દેખવું (થયું), ઈ તો જાણવા જેવું છે.

વસ્તુ જ્ઞાનમય છે એમ દેખતા સંયોગને આધીન કોઈની સધનતા, નિર્ધનતાની વિશેષતાને જાણવા લાયક માનીને એમાં આ ઠીક–અઠીક કરવા જેવું રહેતું નથી. કહો! આ શેઠ છે ને આ ગરીબ છે. એ તો કર્મને આધીન, વેદનીયને આધીન, મળેલા સંયોગને આધીન જોવાની વાત છે. પણ સંયોગ આધીન ન જોવે અને બધા આત્મા જ્ઞાનમય ચૈતન્ય પ્રભુ છે તો એ દ્રષ્ટિએ બધાને દેખતા પણ ઠીક–અઠીકનાં સંયોગથી ઉત્પન્ન થતો રાગ–દ્વેષ ધર્મીને થતો નથી. સમજાણું કાંઈ?

'**सव्वे जीवा णाणमया**' આહા..! કેટલી વાત કરે છે! અભવી હો કે ગમે તે હો, નિશ્ચયથી પરમ સત્ પ્રભુ જ્ઞાનમય જ આત્મા છે. એમાં ઓછુ–વત્તું એમ શબ્દ નથી. જ્ઞાનની ઓછા–વત્તાની (દશા) એ પણ સર્વ જ્ઞાનમયમાં એ ન આવે. સમજાય છે કાંઈ? એમ પોતામાં પણ જ્ઞાનનું ઓછા–વત્તાપણું એ ન આવ્યું. હું તો જ્ઞાનમય છું, ચૈતન્યબિંબ સ્વરૂપ છું એમ દ્રષ્ટિ થતાં એને અંતરના આશ્રયમાં વીતરાગતાની જ ઉત્પત્તિ થાય. એને સામાયિક અને સમભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

સર્વ જીવ, '**બધા જ જીવ...**' એમ લખ્યું છે. જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા આહાહા..! બધાને જ્યારે જ્ઞાનસ્વરૂપી જોવે તો પોતાને પણ જ્ઞાનસ્વરૂપી જોવે છે. સમજાય છે કાંઈ? પોતામાં પણ કર્મનાં નિમિતને વશે થયેલી દશાઓને જાણવા યોગ્ય, પર્યાયદ્રષ્ટિથી જાણવા યોગ્ય જાણતો સર્વ આત્મા જ્ઞાનમય સર્વ જીવ છે, હું પણ જ્ઞાનમય છું, એમ અંતરની દ્રષ્ટિ થતાં એને સમભાવ અને વીતરાગતાની જ ઉત્પત્તિ થાય. સમજાણું કાંઈ?

'**જે કોઈ સમભાવનું મનન કરે છે...**' એમ. **मुणेइ** (એટલે) જાણે છે, ખરેખર. એ રીતે જે જ્ઞાનમય જાણીને સમભાવને ઉત્પન્ન કરે છે '**તેને જ પ્રગટપણે...**' '**फुडु**' છે ને? '**સામાયિક જાણો...**' પ્રગટ સામાયિક. શક્તિરૂપે તો સામાયિક છે જ, એમ કહે છે. ભાઈ! સમભાવ તો એનું સ્વરૂપ જ છે. જ્ઞાનમય કહ્યો એનો અર્થ જ સમભાવ સ્વરૂપ એનું છે. જ્ઞાનમય કહો કે વીતરાગ જ્ઞાનસ્વરૂપ કહો, સમજ્ઞાનમય એ તો એનું સ્વરૂપ જ છે, પણ એ રીતે અંદર નજર પડતાં, એનું જ્ઞાન થતાં પ્રગટ સમતાની દશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

વ્યવહારે 'યદાત્વે' જાણેલો પ્રયોજનવાન છે. જુઓને! ક્યાં શૈલી ગોઠવી છે. ન સમજાણું? ભગવાન 'કુંદકુંદાચાર્યે' અગિયારમી ગાથામાં એમ કહ્યું કે **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** ભાઈ! ભૂતાર્થ નામ જ્ઞાનમય કહો, ભૂતાર્થ ત્રિકાળ એકસ્વરૂપ કહો એને આશ્રયે આત્માને સમ્યગ્દ્રષ્ટિ, સમભાવની સમ્યગ્દ્રષ્ટિ પ્રગટ થાય છે. અને એને જ આશ્રયે ચારિત્રરૂપી સમતાનો ભાવ **'भूदत्थमस्सिदो' 'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो' 'भूदत्थमस्सिदो खलु चारित्रवंत हवदि जीवो'**એ 'પદ્મનન્દિ પંચવિંશતિ'માં એ છે. ઈ ને ઈ ગાથાને અહીંયાં **'सम्मादिट्ठी जीवो'** કહ્યું છે. 'પદ્મનન્દિ આચાર્ય'માં એવું (આવે છે કે) **'भूदत्थमस्सिदो खलु'** યતિ ચારિત્રભાવ હોય છે, એમ લખ્યું છે. ત્યાં એમ છે, શબ્દ આ લીધો છે. 'પદ્મનન્દિ આચાર્ય'. મૂળ તો 'સમયસાર'માં બધા બીજડાં છે. શાસ્ત્રો, આચાર્યો બીજા બધા જાણે આખા એમાં બીજડાં ભર્યા છે. થોડા તો, ઘણા થયા છે હવે.

**'भूदत्थ'** ત્યાં એ કહ્યું હતું. એ ગાથા એક ફેરી ક્યાંકથી કાઢી હતી. ત્યાં 'યતિ' શબ્દ મૂક્યો છે. ભૂતાર્થને આશ્રયે યતિપણું પ્રગટે છે એમ ત્યાં કહ્યું છે. આમાં ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દ્રષ્ટિપણું પ્રગટે છે (એમ કહ્યું). પણ એનો અર્થ છે કે જે વસ્તુ જ્ઞાનમય અર્થાત્ જ્ઞાનમય અર્થાત્ વીતરાગમય અર્થાત્ નિર્વિકલ્પ સ્વભાવ સમરૂપી એક સ્વરૂપે (છે) એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય, સમ્યક્ચારિત્ર થાય, શુક્લધ્યાન થાય, કેવળજ્ઞાન થાય. એ રીતે બધા જીવને દેખતા ક્યાંય રાગ-દ્વેષ કરવાનું રહેતું નથી.

જે અનંતા આત્માઓની આઠ કર્મને વશે વિષમતા, વિવિધતા, અનેકતા જે જાણવામાં આવે એ કાંઈ એનું મૂળ સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? બધા જ્ઞાનમય પ્રભુ છે ને! આહાહા..! એને પછી આ ઠીક અને અઠીક કરવાની વૃત્તિ જ રહી નહિ. સમજાય છે કાંઈ? વ્યવહાર ને પર્યાયદ્રષ્ટિથી જોવાની આંખ બંધ કરીને વસ્તુના કાયમી અસલી સ્વભાવને જોવાની દ્રષ્ટિથી જોવે તો પોતાને પણ જ્ઞાનમય જોવે અને બીજા બધાને પણ સમભાવથી ભરેલા ભગવાન જ ભાળે ઈ. એટલે ક્યાંય વિષમતા કરવાનું (રહ્યું નહિ). કારણ કે એના જ્ઞાનમયમાં વિષમતા નથી એથી આને વિષમતા કરવાનું કારણ રહેતું નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ! સામાયિકની વ્યાખ્યા. 'યોગીન્દ્રદેવ' સામાયિકની આ વ્યાખ્યા કરે છે. આહાહા..! પાછું આધાર આપે છે, **'जिणवर एम भणेइ'**, હોં! **'जिणवर एम भणेइ'**. પોતે સમભાવ કરીને કર્તા થઈને થઈ શકે છે.

(હું) જ્ઞાનમય છું (એમ) બધા ભગવાન જ્ઞાનમય છે, એમ નિશ્ચયદ્રષ્ટિથી કર્તા આત્મા થઈને પોતાનાં જ્ઞાનમય આત્માનાં સમભાવને પ્રગટ કરે. એમ બીજા બધા આત્માઓ જ્ઞાનમય છે એટલે વિષમતાનાં પ્રકારો દેખવા છતાં અભિન્નપણે બધા ભગવાન જ્ઞાન છે એનું પણ અંદર પુરુષાર્થની દ્રષ્ટિએ વિષમતાનું લક્ષ છોડી દઈને સમભાવી આત્મા બધા જ્ઞાનમય છે એમ પુરુષાર્થથી જોતાં તેને સમભાવ પ્રગટ થાય છે. કહો, સમજાણું આમાં? હેં? જુઓ! સામાયિક કેવી રીતે લીધું છે! આપણે એને ઓલું કર્યું છે, આપણે ઈ જોવું હતું. 'સર્વ જીવ છે જ્ઞાનમય' આનો અર્થ કર્યો છે. આ શ્લોકો છે ને પેલા બધા? તમારામાં છે કે નહિ? શું છે? જુઓ! **'સર્વ જીવ છે જ્ઞાનમય'**. શ્લોકો છે. લ્યો! આપણે સજ્ઝાય થાય છે. નવ સજ્ઝાયમાં આની સજ્ઝાય છે કે નહિ આની? હેં? 'યોગસાર' નાખે છે.

**સર્વ જીવ છે જ્ઞાનમય, જાણે સમતા સાર;**
**તે સામાયિક જિન કરે, પ્રગટ કરે ભવપાર.**

એમાં ચાર-ચાર બોલ મુક્યા છે, ભાઈ! દરેકમાં ચાર મૂક્યા છે.

**सव्वे जीवा णाणमया, जो सम-भाव मुणेइ।**
**सो सामाइउ जाणि फुडु, जिणवर एम भणेइ।।९९।।**
**सव्वे जीवा णाणमया, य सम-भाव ममते।**
**तत सामायउ जाणि स्फूटम्, जिणवर एम भणेइ।।९९।।**

**सर्व जीव है ज्ञानमय, जाने समता धार।**
**सोसामायिक जिन कहे, प्रगट करे भव पार**

**સર્વ જીવ છે જ્ઞાનમય, જાણે સમતાધાર;**
**તે સામાયિક જિન કહે, પ્રગટ કરે ભવપાર.**

સમભાવ ભાવ થાય ત્યાં ભવનો પાર જ હોય, એમ એનું ફળ બતાવ્યું. સમભાવનું ફળ જ ભવનો અભાવ, એમ. એક એક શ્લોકનાં પંડિતજીએ ચાર ચાર અર્થ કર્યાં હતા. આ એક 'લાલન' હતા ને? વૃદ્ધ (હતા), ૯૫ વર્ષે ગુજરી ગયા. ઘણો અભ્યાસ, ઘણો અભ્યાસ પંદર વર્ષની ઉંમરથી ૯૫ વર્ષ સુધી અભ્યાસ. દ્રષ્ટિ વિપરીત હતી, પછી અહીંયાં રહેતા હતા. બાર મહિના રહ્યા હતા. બધો અભ્યાસ. સોળ વર્ષ કહેતા હતા. સોળ વર્ષથી શાસ્ત્ર અભ્યાસ, શાસ્ત્ર અભ્યાસ તે ૯૫ (વર્ષ સુધી). સંવત ૨૦૦૯ ની સાલમાં ગુજરી ગયા. અહીં બાર-બાર મહિના રહેતા હતા. અહીં બેસતા હતા. વૃદ્ધ હતા. પછી તત્ત્વની વાત આવે ત્યારે કહે અરેરે..! ખીચડો કર્યો છે. પછી રોવે.. રોવે.. રોવે, હોં! એવી સરળતા. એમણે આ અર્થ બનાવ્યા છે. આ શ્લોકનાં એણે બધા અર્થ બનાવ્યા છે. કેટલોક ગોટો પણ હશે અંદર, પણ કેટલીક વ્યાખ્યા ઠીક છે. કેટલોક ગોટો અંદર નાખ્યો છે. કારણ કે મૂળ તો શ્વેતાબંર હતા અને પેલી દ્રષ્ટિ બે ફેરફાર હતી, એમાંથી આમાં અર્થ કર્યાં છે. આખું પુસ્તક છે. 'સ્વાનુભવ દર્પણ' નામ છે આનું. 'સ્વાનુભવ દર્પણ'. છે આ યોગીન્દ્રદેવનાં દોહરાના શ્લોક. ચાર ચાર બોલ છે. 'સર્વ જીવ છે જ્ઞાનમય..' 'પ્રગટ કરે ભવપાર' નહિ હોય એમાં. ઓલામાં છે, હિન્દીમાં છે. **'जिणवर एम भणेइ'** એ તો હિન્દીમાં પણ છે. 'सर्व जीव है ज्ञानमय, जाने समता धार। सो सामायिक जिन कहे, प्रगट करे भव पार' હિન્દીમાં કર્યું છે આનું, એમાં નહિ હોય.

મુમુક્ષુ : સર્વ જીવ છે જ્ઞાનમય, એવો જે સમભાવ;
તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ.

ઉત્તર : ઈ શબ્દાર્થ કર્યો છે, બરાબર, પાઠનો શબ્દાર્થ છે. ભાઈએ કર્યો છે. આપણે પંડિતે કર્યો છે, પાઠને અડીને. સમજાણું આમાં ?

આ સામાયિક કોને કહેવી એમા સમ્યગ્દર્શન આવી ગયું, સમ્યગ્જ્ઞાન આવી ગયું ને વીતરાગ ભાવ ત્રણેય આવી ગયા. ભગવાનઆત્મા જ્ઞાનમય છે એટલે કે અલ્પપણું, વિકારપણું કે સંયોગપણું એના સ્વભાવમાં નથી. એવી જે અંતર સ્વભાવદ્રષ્ટિ થવી તેને સમ્યગ્દર્શન કહે છે. એવો જે જ્ઞાનમય, આનંદમય... અહીં જ્ઞાનમય પ્રધાન પરમભાવગ્રાહક નયથી વાત કરી છે. જ્ઞાન પરમભાવગ્રાહક છે, પરમભાવ છે, એ વસ્તુ બીજા કરતાં. કારણ કે જ્ઞાન પોતે સવિકલ્પ સ્વ-પરને જાણનારો ગુણ છે અને બીજા ગુણો અસ્તિ રાખે છે પણ પોતે કોણ છે ને પર કોણ એને જાણતું નથી તેથી બધા ગુણોને નિર્વિકલ્પ કહેવામાં આવે છે. નિર્વિકલ્પ એ હયાતી ધારે છે, પોતાની હયાતીને ને પરની હયાતીને તે જાણતા નથી.

ભગવાનઆત્માનું જ્ઞાન પોતે પોતાને જાણે અને એના અનંતા ગુણોને પણ જાણે તેથી તે ગુણને સવિકલ્પ કહી, સાકાર કહીને તેને અસાધારણ પરમભાવગ્રાહક કહેવામાં આવ્યો છે. 'આલાપ પદ્ધતિ'માં એનો નય લીધો છે. પરમભાવગ્રાહકનય. 'પંડિતજી' ! 'આલાપ પદ્ધતિ'માં. સમજાણું કાંઈ? એ અપેક્ષાથી અહીં કહ્યું છે. પરમભાવ એકલો જ્ઞાનમય ભગવાન, એનું જ્ઞાન તે જ્ઞાન અને પરમ જ્ઞાનમય આત્મા, એમ અંદરમાં દ્રષ્ટિ, જ્ઞાન કરીને ઠરતાં... કારણ કે પરમ જ્ઞાનમય છે એને તો જ્ઞાતા-દ્રષ્ટાપણે રહેવું જ એનું સ્વરૂપ થયું. એટલે ત્યાં વીતરાગતા અને સામાયિક એટલે સમતાભાવની ઉત્પત્તિ (થઈ). પરમ જ્ઞાનમય આત્મા (છે) એમ અંતર નિર્ણય થતાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમભાવ ત્રણે તેમાંથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? શું છે? '...ચંદજી'! ક્યાં ગયું આ બધું ઘંટીનું પડ ને... હેં? જ્ઞેયમાં. ઘંટીએ દળવું, આમ કરવું ને આમ કરવું... ન્યાં ને ન્યાં સલવાણા. ઘઉંને ત્યાં દળવા ને પાછા ધોવા... પણ હવે એ તો સ્હેજે દેહની, જડની ક્રિયા એને કારણે થવાની હોય તો

થાય આત્મા એનો કર્તા નથી. ત્યાં સલવાણા. બરાબર ક્રિયા આવી કરવીં, હોં! નિર્દોષ આહાર માટે બિચારાને વખત જાય. એક જણો કહેતો હતો, મહારાજ! તમે આ વાતું કરો છો પણ અમારે તો આશ્રમમાં રહીએ (એટલે) ચોખા તપાસવા ને ઘઉં તપાસવા, એમાં રહેવું (પડે). અમારે આ સમજવું, સાંભળવું, વિચારવું કે દિ'? ત્રણ ત્રણ કલાક ન્યાં રહે. કોણ? 'પરશુરામજી'! 'પરશુરામજી' કહેતા હતા.

મુમુક્ષુ : ...

ઉત્તર : સવિકલ્પ છે. સવિકલ્પનો અર્થ શું? રાગ નહિ. સવિકલ્પનો અર્થ સ્વ-પરને જાણે એનું નામ સવિકલ્પ છે. સવિકલ્પનો અર્થ રાગ નહિ. સ્વ-પરને જાણે તેનું નામ જ સવિકલ્પ છે. બીજા (ગુણો) સ્વ-પરને નથી જાણતા માટે બીજાને નિર્વિકલ્પ કહે છે. વિકલ્પ એટલે રાગની અપેક્ષાની વાત નથી. કેવળજ્ઞાન પણ સવિકલ્પ છે. સવિકલ્પનો અર્થ સ્વ-પરને જાણવું તેનું નામ સવિકલ્પ છે. એ તો 'પ્રવચનસાર'માં આવે છે ને? અર્થાકાર. સ્વ-પરના અર્થાકારે પરિણમવું એ જ સવિકલ્પ છે. સવિકલ્પ (એટલે) રાગ-ફાગની અહીં વાત નથી. સમજાય છે કાંઈ?

સ્વ-પર પ્રતિચ્છેદક બેને જાણનાર તેનું નામ સવિકલ્પનો અર્થ આ રાગ નહિ. સ્વ-પરને જાણવાનો ભાવ, તેનું નામ જ સવિકલ્પ છે. એ સવિકલ્પ રાગથી નિર્વિકલ્પ છે. રાગથી નિર્વિકલ્પ છે. પણ સ્વ-પરના જાણવાના આકારરૂપે પરિણમવું તેનું નામ જ સવિકલ્પ છે. એ તો પોતાનો સ્વભાવ છે. સિદ્ધનું કેવળજ્ઞાન પણ સવિકલ્પ છે. સમજાય છે કાંઈ? આહાહા..!


અહીં એ જ કહે છે. ભગવાન! સર્વ જીવ જ્ઞાનમય એમ જાણવું કહ્યું ને? ભાઈ! પોતે જાણે ને પરને જાણે, બેય આવ્યું. હું પણ જ્ઞાનમય છું તો જ્ઞાનનો સ્વભાવ છે કે હું પણ જ્ઞાનમય છું, બધા જ્ઞાનમય છે એવું એનું જાણવું. જાણવું બેયનું એ કાંઈ રાગનું કારણ નથી. એ તો એનો સ્વભાવ છે. સ્વપરને જાણવારૂપે પરિણમવું, પરિણમવું, થવું એ જ્ઞાનના પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એથી એ સવિકલ્પ જ્ઞાન જ્ઞાતાપણે હું આ જ્ઞાન છું, એમ જે પર્યાયમાં જ્ઞાતાપણું પ્રગટ્યું એ પર્યાય સ્વપરપ્રકાશક પ્રગટી પણ એ રાગ વિનાની સમતાભાવની પ્રગટી. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓને! આચાર્યે એટલે કહ્યું! **'सव्वे जीवा णाणमया, जो सम-भाव मुणेइ।'** એમ લીધું છે ને પાછું? એમ નહિ કે એકલાને જાણે એમ ન લીધું આમાં. પણ એ તો એનો સ્વભાવ છે, એમ કહે છે. હું જ્ઞાનમય છું એમ જાણ્યું ત્યારે પણ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ જ ઉત્પન્ન થઈ અને બધા જીવો જ્ઞાનનો સ્વભાવ છે કે સ્વપરને જાણવું એટલું જ એનું એ સામર્થ્યનું સત્વ છે. ઈ રાગ નહિ. એટલે આમ બહારના બધા જ્ઞાનમાં આવ્યા, નિશ્ચયથી આને જ્યાં જોયો એમ નિશ્ચયથી બીજાને જોવો. એની વિષમતા ને પરને આધીન થતી દશાઓ એને ન જોતાં, આને જોતાં વિષમતાને કારણે આ ઠીક-અઠીક જીવ છે એવો તેને રાગ-દ્વેષ ઉત્પન્ન થવાનું સ્થાન રહેતું નથી. અને પોતામાં પણ જ્યારે જ્ઞાનમય એવો આત્મા (છે) એમ અંતર જાણતા એને પણ રાગ અને દ્વેષ ઉત્પન્ન થવાનું હીણું જ્ઞાન છે માટે દીન છું, અધિક જ્ઞાન (છે) માટે મોટો, એ પણ એમાં રહેતું નથી. સમજાણું કાંઈ?

**'તેને જ પ્રગટપણે સામાયિક જાણો એમ શ્રી જિનેન્દ્ર કહે છે.'** આહાહા..! આચાર્યને પણ જિનેન્દ્રને નાંખવા પડ્યા છે, હોં! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ... તો સર્વજ્ઞ નથી જાણતા ઈ? સર્વને જાણતા નથી? અને સર્વને જાણવું એ તો જ્ઞાનમય પર્યાય છે. સર્વને જાણવું એ વિકલ્પ નથી, તેમ સર્વને જાણવું એટલે પરજ્ઞાનમય દશા છે, એમ નથી. સર્વને જાણવું એ જ્ઞાનમય, આત્મજ્ઞાનમય જીવની દશા છે. વીતરાગી દશા - રાગ વિનાની સર્વને જાણવું એની જ્ઞાનની દશા છે. સમજાણું કાંઈ ? ઈ તો એની શક્તિ છે ને!

**(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં.. )**

# શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૨૮ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું તાઃ ૨૬-૧૨-૯૭ કોઈમ્બતુરમાં થયેલ પ્રવચન



(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત, પત્રાંક ૧૨૮ ચાલે છે.)

કલ્પનાથી કેવો તીવ્ર રાગ થાય છે કે જેનો રાગ થાય છે. એના સંયોગ વગર જીવી નહી શકાય એટલી હદનો રાગ થાય છે. કોઈ કોઈ તો મૃત્યુ પણ પામે છે. એ રાગને વશ કોઈ કોઈ તો મૃત્યુ પણ પામે છે. પણ એ કેવળ કલ્પના હોય છે. જીવ એ સંયોગ વિના અનંતકાળ રહેવાનો છે અને રહેશે. એ કલ્પનાનો વિચાર કરતાં પણ એના ફળસ્વરૂપે વૈરાગ્યની અને ઉદાસીન ઉત્પત્તિ થાય છે. હવે દ્વેષ કેવા પ્રકારે થાય છે, તે કહે છે.

**''વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં,''** મોઢું જોવા માંગતો નથી. એટલે કેવો દ્વેષ હોય ? કે એની સામું હું જોવા માંગતો નથી. સામે આવે તો સામું જોવા માંગતો નથી. **''જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું,''** સ્વીકાર નહીં કરું, સામેથી ગરજ કરીને આવે તોપણ હું હવે સ્વીકાર કરવાનો નથી, **''તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે, શા માટે જન્મ્યો?''** એવા જ કોઈ કર્મનું બંધન થાય છે કે એને ત્યાં પોતે દીનતા કરે એવી પરિસ્થિતિ(માં) જન્મે છે. દ્વેષ ઘણો કર્યો હોય, અધિકાર બુદ્ધિથી દ્વેષ કર્યો હોય, ઊલટાનો એને ત્યાં દાસપણે, દાસીપણે, સ્ત્રીપણે, એનો કૂતરો થઈને આવે, ઘરનો ઉંદર બને. દ્વેષભાવથી એવા કર્મો બંધાય. અને અભિમાન કર્યું હોય, જેની સાથે દ્વેષથી અભિમાન કર્યું હોય, એની આગળ પોતાને દીનતા કરવાનો વારો આવે. આ એક કુદરતની વ્યવસ્થા છે. જે માણસો બહુ અભિમાન કરે છે, એને એવા કર્મ બંધાય છે કે એના ફળ આવે ત્યારે એને ઘણી ગરજ અને ઘણી દીનતા, ઘણી યાચકવૃત્તિ કરવી પડે, એવી પરિસ્થિતિ એની આવે.

ગુરુદેવશ્રી એક દ્રષ્ટાંત આપતા હતા કે બહુ અભિમાન કરતો હોય, બહુ માન કરતો હોય કે મારી કિંમત સૌથી વધારે થવી જોઈએ, મને સૌથી વધારે માન મળવું જોઈએ, (એ) એકેન્દ્રિય વનસ્પતિમાં જાય અને મૂળામાં મફતમાં વેચાય, મૂળામાં મફત વેચાય એટલે શું? એક જમાનામાં એવું હતું કે શાક લેવા જાય, બે-પાંચ-દસ રૂપિયાનું શાક લે તો ઘણું ઘણું શાક ખરીદ્યું કહેવાય, પાંચ-દશ રૂપિયાનું શાક (ખરીદે) પછી ઉપર અમુક ચીજ કોથમીર જેમ મફત લે, મરચાં મફત લે એમ મૂળો મફત માંગી લ્યે. એક મૂળો આપો, છોકરો સાથે છે એને મૂળો ખાવો છે. એ મૂળામાં (પૂર્વે) અભિમાન કરેલા ભાઈ બેઠેલા હોય. એકેન્દ્રીયપણે ત્યાં એની સ્થિતિ હોય પેલો કાછિયો, શાક વેચનારો. મફતમાં આપે એને. અભિમાન કરવાવાળાની એવી દશા થાય છે.

**''અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું!''** દ્વેષના કારણે એવો જન્મ થયો. **''અને તેમ કરવાની તો ઈચ્છા નહોતી,''** બિલકુલ ઈચ્છા નહોતી. બીજા ઉપર સત્તા ભોગવવી હતી એના બદલે દ્વેષ કરતાં, દ્વેષ કરતાં–કરતાં પોતાની ઉપર કોઈ સત્તા ભોગવે એવી પરિસ્થિતિ આવી. પહેલા બીજાને પરતંત્ર કરે. દ્વેષથી શું કરે ? બીજાને પરતંત્ર કરવાના પરિણામ કરે પછી એને પોતાની દીનતા ને એનાથી પરતંત્ર થવાનો વારો આવે **''કહો એ સ્મરણ થતાં આ કલેશિત આત્મા પરત્વે જાુગુપ્સા નહીં આવતી હોય?''** પોતાને પોતાના પ્રત્યે ધિક્કાર આવે, કે આ જીવ વગર વિચાર્યે એટલે કે અવિચારપણે કેવા વિચિત્ર દ્વેષના પરિણામ કરે છે કે જેથી પોતે જ વધારેમાં વધારે દુઃખી થાય છે. આવી પોતાની મૂર્ખતા ! ખરેખર તો શું છે ? (એ) પોતાની મૂર્ખતા છે. અભિમાન કરે, દ્વેષ કરે ત્યારે ખબર નથી પડતી પણ એ ખરેખર પોતાની મૂર્ખતા છે અને જ્યારે એ સમજાય છે ત્યારે પોતાને પોતાના ઉપર ધૃણા થાય છે. અને એ વર્તમાન પરિસ્થિતિ એને વિશેષ વૈરાગ્યનું કારણ થાય છે.

આવી જે પરિભ્રમણની ચિંતના ચાલે છે એ અંતઃકરણને શુદ્ધ કરે છે. શું થાય છે ? એ વૈરાગ્ય, એ પશ્ચાતાપ, એ ચિંતના–વેદનાના પરિણામથી અંતઃકરણની શુદ્ધિ થાય છે. અંતઃકરણની શુદ્ધિ થાય છે એટલે શું ? એ આત્મકલ્યાણની ભાવના જે છે અથવા મોક્ષ પામવાની, સંસારથી છૂટવાની ભાવના જે છે, એ શુદ્ધ અંતઃકરણથી ઉત્પન્ન થાય છે, એમાં ઉપર ઉપરની ઈચ્છા નથી કેમકે એમાં એવો પણ એક પ્રકાર છે ખરો, કે કેટલાક જીવોને, મોક્ષમાર્ગમાં આવેલા જીવો જોઈને, પોતાને પણ એવી ઈચ્છા થાય છે, ઉપર ઉપરથી ઈચ્છા થાય છે. પણ અંતઃકરણમાં મલીનતા એવી ને એવી પડી હોય છે. પૂર્વે કરેલા અપરાધથી જે મલીન પરિણતિ થઈ છે એ એવી ને એવી જામ થયેલી, જામી ગયેલી હોય છે. એને કાઢવા માટે, એનો નિકાલ કરવા માટે, આ પરિભ્રમણની ચિંતના આવશ્યક છે. એના સિવાય બીજો કોઈ ઉપાય નથી. અંતકરણની શુદ્ધિનો એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. એ વિના સાક્ષાત્ ભગવાન લેવા આવે તો (પણ) એ ના પાડે.

અન્ય મતમાં એવું એક દ્રષ્ટાંત છે. એક શેઠ હતા. ભગવાનના ભકત તરીકે પ્રસિદ્ધ હતા. એની ભક્તિ પણ પ્રસિદ્ધ હતી પણ એના અંતઃકરણની શુદ્ધિ નહીં. ત્યાં (અન્ય મતમાં તો) તો ભગવાન પરીક્ષા કરવા આવે કે શેઠ, તમે આખી જિંદગી મારી બહુ ભક્તિ કરી છે. આપણા વિમાનમાં બેસી જાઓ ચાલો વૈકુંઠમાં. ત્યારે શેઠ કહે છે કે, પહેલા મારે કોઈ સંતાન નહોતું પણ આપની કૃપાથી અત્યારે જે છે એ દીકરો બહુ નાનો છે. જરાક મોટો થાય (અને) આ વહીવટ સંભાળી લ્યે તો હું આપની સાથે આવી જાઉં. થોડુંક ખમી જાઓ. છોકરો મોટો થઈને વહીવટ સંભાળવા, કારોબાર સંભાળવા લાગ્યો. એટલે ભગવાન ફરીને આવ્યા. ને કહ્યું ચાલો શેઠ, તમારો છોકરો તો તૈયાર થઈ ગયો. (તો શેઠે કહ્યું) પણ હવે એના સગપણની વાતો ચાલે છે (એટલે) સગાઈ કરીને, લગ્ન કરી લઉં એટલે હું છુટ્ટો, પછી આપની સાથે આવી જાઉં. ભગવાનને થયું ઠીક છે, આપણે એક આંટો વધારે. લગ્ન થઈ ગયા એટલે (ભગવાન) વળી પાછા આવ્યા, ચાલો ! (શેઠે કહ્યું પણ) એવું છે ને કે છોકરાની વહુને અઘરણી આવે એવું છે. તો જરાક, છોકરાના છોકરાનું મોઢું જોઈને આપની સાથે ચોક્કસ આવવાનો ભાવ છે. વળી પાછો બીજો વાયદો નાંખ્યો. એમ ને એમ એ વાયદો કરતા જ ગયા, આટલુંક કરી લઉં, એમાં સારાંશ શું છે ? આશય શું છે ? કે જીવ શુદ્ધ અંતઃકરણથી આત્મકલ્યાણ માટે તૈયાર નથી હોતો ત્યારે કાંઈ ને કાંઈ વાયદો કરે છે. આટલું એક કામ થઈ જાય ને પછી કરીશ ! એક આટલું કામ થઈ જાય ને પછી કરીશ ! હવે એને ખબર નથી કે ઉદય છે એની લાઈન લાગેલી છે, ઉદય એક પછી એક, એક પછી એક, એક પછી એક, ચાલુ જ રહેવાના છે. આ થઈ જાય પછી કરું; આ થઈ જાય પછી કરું; પછી, પછી, પછી કરું એમાં આયુષ્ય થઈ જાય પૂરું ! (એ) શેઠનું આયુષ્ય પૂરું થયું અને વિષ્ટાનો કીડો થયો. ભગવાનને (એમ) થયું કે લાવને, ફરીને એક વાર (પ્રયાસ) કરું, ત્યાં

પહોંચ્યાં (અને કહ્યું) કાં શેઠજી ! હવે તો આવવું છે કે નહીં ? ત્યારે શું જવાબ દીધો ? કહ્યું કે એ શેઠના ભવ કરતાં (તો) અહીંયાં વધારે સારું છે. ત્યાંથી તો હું કદાચ આવત પણ અહીંથી (તો) આવવાનું મન થાય એવું જ નથી. એ શું બતાવે છે ? કે કેટલી એને રુચિ થયેલી ત્યારે ત્યાં ગયેલો, પછી તો રુચિના ફળમાં એટલી રુચિ develop (વર્ધમાન) થઈ જાય છે કે પછી તો એને પોતાને જ ના પાડવાનું મન થઈ જાય છે. પછી કરીશ, પછી કરીશ, પછી કરીશ... વાળો એક વખત એમ કહી દેશે કે હવે નહિ. આ પરિસ્થિતિ આવે છે. એ અરુચિ સૂચક છે. એ શું સૂચવે છે ? અરુચિ સૂચવે છે, આત્મકલ્યાણની રુચિ નથી. અને રુચિ નથી એટલે જરૂરત નથી એમ આપોઆપ સાબિત થાય છે. સંસારની રુચિ ઘણી છે એમ પણ એમાં સાબિત થાય છે.

(જે) ઉપર ઉપરની ઈચ્છાથી આત્મકલ્યાણ કરવાની વાત કરે છે પણ અંતઃકરણની શુદ્ધિ નથી. એને પ્રમાણિકપણે, ઈમાનદારીથી સંસાર છોડવો છે એ વાત નથી. (પોતાને) સંસારની મીઠાશ છે એમ માનવું. એ અંતઃકરણની શુદ્ધિ વિના ખરેખર મોક્ષ પ્રાપ્ત કરવાનું જે ધ્યેય બાંધવું છે એ ધ્યેય બંધાતુ નથી. ભલે, કોઈને વિકલ્પ આવે, રાગ આવે, ઈચ્છા થાય એ જુદી વાત છે. જેને યથાર્થ પ્રકારે મોક્ષનું ધ્યેય બંધાય, તેને મોક્ષ પ્રત્યેનો પુરુષાર્થ અને પ્રયત્ન એ ભૂમિકામાં ઊપડે જેને સંવેગ કહેવામાં આવે છે, એ સંવેગની ઉત્પત્તિ થયા વિના રહે નહીં એકદમ જોર આવે. કેમ આવે ? આવવાનું કારણ શું ? કે પોતે જ્યાં ઊભો છે ત્યાંથી મોક્ષ કેટલો દૂર છે! એ અંતર એને દેખાય છે. મારે ઘણું અંતર કાપવાનું છે અને મારી પાસે સમય થોડો છે. એવી જ્યારે ખબર પડે ત્યારે ઉતાવળ થયા વિના રહે નહીં, આપોઆપ જ ઉતાવળ થાય. ઘણાં મુમુક્ષુઓની એ ફરિયાદ છે કે બધું સમજીએ છીએ પણ સંવેગ આવતો નથી, જોર થાતું નથી એનું શું કરવું ? કે પૂર્ણતાના લક્ષ વિના, મોક્ષના યથાર્થ ધ્યેય વિના સંવેગની યથાર્થ પ્રકારે ઉત્પત્તિ ન થાય. અને એ લક્ષ બાંધવા માટે અંતઃકરણની શુદ્ધિ અનિવાર્ય છે. અંતઃકરણની શુદ્ધિ માટે પરિભ્રમણની વેદના-ચિંતના અનિવાર્ય છે. એવી રીતે આ ક્રમથી આ પ્રકારે પુરુષાર્થની ઉપલબ્ધિ છે એ વિના પુરુષાર્થ ચાલે જ નહીં. ઈચ્છા હોય તો પણ થાય નહી, એવી વ્યવસ્થા છે. એટલે આવા બધા પત્રમાં કેટલું ઊંડાણ છે અને લખનારાનો અનુભવ કેટલો છે એ વિચારવા જેવો (વિષય) છે.

જ્યારે આ પ્રકારે યથાર્થ ચિંતના આવે છે, વૈરાગ્યની ઉત્પત્તિ ઉદાસીનતાની ઉત્પત્તિ થાય છે, ત્યારે હવે આ સંસારમાંથી કાંઈ જોઈતું નથી, હવે માત્ર મારે શેષ કાળમાં, આ ભવના બાકીના સમયમાં, આત્મકલ્યાણ જ કરી લેવું છે. એવી તીવ્ર ભાવનાથી ધ્યેય બંધાય છે. ભલે, એમ થતાં વચ્ચે થોડી અંદરમાં ગડમથલ ચાલે, એમ બનવાનો સંભવ છે અને તેથી એ ગડમથલ ચાલે તો કેવી ચાલે ? એનો (ચિતાર) હવે પછીનાં વચનોમાં છે.

**''વધારે શું કહેવું ? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે.''** આ જીવે ભૂતકાળમાં તો ભ્રાંતિથી અનંતવાર જન્મ-મરણ કર્યાં પણ હવે શું કરવું ? એની એક ચિંતના થઈ પડી છે. એ પરિભ્રમણની ચિંતના છે. એ ચિંતનાના અંતે **''ફરી ન જ જન્મવું, અને ફરી એમ ન જ કરવું એવું દ્રઢત્વ આત્મામાં પ્રકાશે છે.''** શું કીધું ? એ ચિંતનાના ફળ સ્વરૂપે હવે કોઈપણ ભોગે જન્મ-મરણ જોઈતા નથી, at any cost, ગમે તે કિંમત ચૂકવવી પડે, હવે આવા દુઃખો ક્યારેય પણ ભોગવવાં નથી એવી એક દ્રઢતા (ઉત્પન્ન થાય છે.) દ્રઢ મુમુક્ષુતા ઉત્પન્ન થાય ત્યારે એવી એક દ્રઢતા આત્મામાં પ્રકાશે છે એમ લખ્યું છે. શું ? એવો રાગ થાય છે, ઈચ્છા થાય છે એવું ન લખ્યું, કેવા શબ્દો વાપર્યા છે ! એનો અર્થ એ થાય છે કે એ આત્મા, કે જે પરિભ્રમણની ચિંતનામાં આવે છે, એ આત્મા અંદરથી પોકાર કરે છે કે હવે મારે છૂટી જ જવું છે. હવે આ પરિભ્રમણથી મારે છૂટી જવું છે એ આત્માનો અંતરાત્માનો પોકાર છે.

કૃપાળુદેવ એક પત્રમાં લખે છે કે 'જેને છૂટવું છે એને કોઈ બાંધનાર નથી' ! શું લખે છે ? જેને ખરેખર આ સંસારથી છૂટવું છે એને કોઈ બાંધનાર નથી. બધા બહાના પોતાની અરુચિના છે, બધા બહાના પોતાની ભાવનાની ખામીના છે. બાકી જેને છૂટવું જ છે એને કોઈ બાંધનાર નથી અને જેને સ્વયં બંધાવું છે એને કોઈ છોડાવનાર નથી. ગમે એવા સમર્થ ગુરુ હો, સમર્થ જ્ઞાની હોય, અરે ! તીર્થંકર હોય તોપણ એ છોડાવનાર નથી. ભૂતકાળમાં અનંત પરિભ્રમણમાં, આપણો આત્મા અનંતવાર વિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે જન્મ્યો છે, એમ નહીં, વિદેહ ક્ષેત્રનું કોઈ ક્ષેત્ર બાકી રાખ્યું નથી, બધા જ ક્ષેત્રમાં અનંતવાર જન્મ્યો છે. અનંતવાર તીર્થંકરોના સમોસરણમાં દિવ્ય-ધ્વનિ સાંભળી છે, પણ વેદનાપૂર્વક અંતઃકરણની શુદ્ધિ કરી નથી. એટલે જે કાંઈ થોડીઘણી અસર આવી હોય એ ધોવાઈ જતાં વાર લાગતી નથી, (અસર) ધોવાઈ જાય. કેમ ? જેને સ્વયં બંધાવું છે એને કોઈ છોડાવનાર નથી, જેને સ્વયં છૂટવું છે એને કોઈ બાંધનાર નથી.

**''એવું દ્રઢત્વ આત્મામાં પ્રકાશે છે, પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું ?''** કેટલીક નિરુપાયતા છે, એમાં શું છે ? કે એવા પ્રકારના કર્મના ઉદયો સામે હોય છે કે એકદમ ઉલાળીયો કરીને નીકળી જાય, એવી પરિસ્થિતિ નથી હોતી. એટલે મુમુક્ષુજીવ એવી ભૂમિકામાં બહુ બળવાન નથી હોતો કે મુનિ-દીક્ષા લઈને, મુનિ-દીક્ષા અંગીકાર કરીને નીકળી જાય. એવું બળવાનપણું નથી હોતું ત્યારે શું કરવું ? કે એને કેટલુંક adjustment કરવું પડે છે, કોઈ વ્યવસ્થા ગોઠવવી પડે છે અને પોતે પોતાના કાર્યને આગળ ધપાવે છે.

આ વિષયમાં થોડી વધારે સ્પષ્ટતા એ પ્રકારે કરવા યોગ્ય છે કે ધ્યેય અને સિદ્ધાંતની અંદર બાંધછોડ હોતી નથી. નિર્ણયની અંદર પણ બાંધછોડ હોતી નથી, શ્રદ્ધામાં પણ બાંધછોડ હોતી નથી. બાંધછોડ executive stage (અમલીકરણ) માં આવે છે, આચરણ કરતી વખતે બાંધછોડ આવે છે. જેમકે તમારી ટ્રેન (train) કે પ્લેન (plane) છૂટી જાય છે એવી બહુ સાંકડી (સમયની) પરિસ્થિતિમાં તમે પૂર ઝડપે પહોંચવા માંગો છો, વચ્ચે ટ્રાફીક (traffic) આવે છે, ટ્રાફીક signal પણ આવે છે. અને તમારે ન રોકાવું હોય, તો પણ speed કાપવી પડે છે અને ક્યાંક રોકાવું પડે છે. જો તમે ત્યાં adjustment ન કરો અને એકસીડન્ટ (accident) કરો તો અધવચ્ચે રહી જાઓ. તો કાયમ માટે પાછાં ! અધવચ્ચે જ રહી જાઓ અને definately તમે ચૂકી જ જાવ, બીજું કાંઈ ન થાય. (એટલે) (ગાડી) નહીં ચૂકવા માટે પણ તમારે speed ઓછી કરવી કે રોકાઈ જવું (એ) અનિવાર્ય (બને) છે તે પણ temporary હોય છે. આચરણની ભૂમિકામાં, હંમેશાં મુમુક્ષુ હોય કે જ્ઞાની હોય (એ) adjustment કરે છે પણ નિર્ણયમાં ફેર નથી પડતો, લક્ષ બદલતું નથી, શ્રદ્ધા બદલતી નથી, સિદ્ધાંત બદલતા નથી- એ બરાબર પકડી રાખે છે કે આમ કરવું એટલે આમ જ કરવું આચરણની અંદર adjustment કરવું પડે છે.

એટલે **''જે દ્રઢતા છે તે પૂર્ણ કરવી''** દઢતા છે એતો દ્રઢતા એવી ને એવી છે કે, એ તો પૂર્ણ કરવી જ. જે ધ્યેય નક્કી કર્યું છે એ તો પૂર્ણ કરવું જ, જરૂર પૂર્ણ કરવું જ. શું ? **''જરૂર પૂર્ણ પાડવી એ જ રટણ છે.''** એટલે એ વાત નિરંતર લક્ષમાં છે **''પણ જે કાંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે.''** રસ્તામાં ઝાડ પડી ગયું હોય તો કાં ગાડી બાજુમાંથી લેવા માટે થોડોક ફેરફાર કરવો પડે છે. પૂરઝડપથી તો કાંઈ થાય નહીં, એકવાર તો ગાડી ઊભી રાખવી જ પડે એ ઝાડને ખસેડો, કોરે કરો, કાં તો પોતે તરીને નીકળી જાઓ. એ પ્રકારે. **''જે કાંઈ આડું આવે છે એ કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે,''** આડું આવે છે એને ખસેડવું પડે છે, એની વ્યવસ્થા કરવી પડે છે. **''અને તેમાં કાળ જાય છે.''** તેમાં થોડો સમય પણ લાગે છે એવી એક પરિસ્થિતિ ઊભી થાય છે. એ જે સમય જાય છે એ સમય બહુ કીમતી જાય છે એવું લાગ્યા વગર રહેતું નથી; એવું લાગ્યા વગર રહેતું નથી, કે **''જીવન ચાલ્યું જાય છે.''**

મારા મનુષ્યભવનું અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે; વારંવાર આ મનુષ્યભવ મળે એવી કોઈ વ્યવસ્થા નથી, ભાગ્યે જ મળે એવી પરિસ્થિતિ છે, કોઈ વારંવાર મળે એવી પરિસ્થિતિ નથી.

જે મનુષ્યભવમાં આત્મકલ્યાણ કરવાની સારામાં સારી તક છે એ મનુષ્યભવમાં આત્મકલ્યાણ કરવા માટે negligence પોતે (બેદરકારી)માં આવ્યો અથવા બીજા કામ આડે એને ગૌણ કર્યું તો મનુષ્યભવ ફરીને નહીં મળે એવી કુદરતી વ્યવસ્થા છે. ફરી ફરીને એ તક મળતી નથી કેમ કે પોતે એ તકનો લાભ લીધો નહી, બેદરકાર રહ્યો, દરકાર કરી નહીં; (વારંવાર) મનુષ્યભવ નથી મળતો એવી પરિસ્થિતિ છે. એટલે એમ લાગે છે કે આ બહુ મોઘું **''જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું''** એને ન જવા દેવું જોઈએ; આ બધી ગડમથલ ચાલે છે, નિર્ધાર થતી વખતે આ ગડમથલ ચાલે છે પછી શુદ્ધ અંતઃકરણથી ધ્યેય બંધાય છે. **''જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય, ત્યાં સુધી, એમ દ્રઢતા છે તેનું કેમ કરવું ?''** કરવું શું પણ ? જીવ એક બાજુ પૂર્વકર્મના ઉદયથી ભીંસાયેલો છે, બીજી બાજુથી એને સૂઝ્યું છે કે મારે બહુ ઝડપથી, શીઘ્રપણે, જેટલું થઈ શકે એટલું શીઘ્રપણે આત્મકલ્યાણ કરી લેવું જોઈએ.

પ્રશ્ન : આ લક્ષ બંધાયા પછીના પરિણામ છે ?

સમાધાન : નહીં, હવે લક્ષ બંધાશે. લક્ષ બાંધતી વખતના પરિણામ છે. શું ? લક્ષ બંધાતી વખતે જે ગડમથલ ચાલે છે એના આ પરિણામ છે. વિચાર્યું છે ને! પછી (એ) વિચારનો નિર્ધાર આવશે. નિર્ધાર આવશે ત્યારે બહુ જોરથી આવશે. **''કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ?''** પોતાના પૂર્વકર્મને લઈને કોઈ ઈરાદાપૂર્વક પ્રતિકૂળતા આપે એને ઉપસર્ગ કહેવામાં આવે છે. કુદરતી જે પ્રતિકૂળતા ઊભી થાય એને પરિષહ કહેવામાં આવે છે.

**''ભલે ગમે તે હો ગમે તેટલા દુઃખ વેઠો ગમે તેટલા પરિષહ સહન કરો ગમે તેટલા ઉપસર્ગ સહન કરો ગમે તેટલી વ્યાધિઓ સહન કરો.''** શરીરરોગ (આવે), શરીર સાથ ન આપે, ભલે ગમે તેમ હો, આત્મકલ્યાણ કરવું છે, કરવું છે, ને કરવું છે. એટલે એમાં શરીર પ્રતિબંધ ગયો **''ગમે તેટલી ઉપાધિઓ આવી પડે,''** ઉપાધિઓ એટલે જવાબદારીઓ. એ જવાબદારીઓની વચ્ચે રહીને પણ આત્મકલ્યાણ કરવાની દ્રઢતા એવી ને એવી હોય છે.

કૃપાળુદેવ વ્યાપારમાં બેઠા હતા ને! મુંબઈથી આ પત્રો લખેલા છે, વીસ વર્ષની ઉંમરે વ્યવસાયની અંદર જોડાણા હતા. અને જેમ જેમ આગળ વધતા ગયા, એમ વૈરાગ્ય વધતો ગયો. વ્યવસાય-પ્રવૃત્તિથી છૂટવા માટે ઘણી તીવ્ર ભાવના થઈ પણ એમ ને એમ દસ વર્ષ નીકળી ગયા. ત્રીસમે વર્ષે તો કહી દીધું કે હવે મારી પરિસ્થિતિ કોઈ પણ રીતે વ્યવસાયમાં ભાગ લેવાની છે નહીં. મને છૂટો કરી દ્યો, હિસાબ-કિતાબ કરીને મને છૂટો કરી દ્યો. મારા ખાતે જે કાંઈ કમાણીની રકમ એકઠી થયેલી છે એ નાનાભાઈને ખાતે જમા કરીને મારું ખાતું સરભર - nil કરી દ્યો. અત્યારે ત્રીસ વર્ષે તો ઘણાં કમાણી કરવાની starting position માં હોય છે, એ ત્રીસ વર્ષે નિવૃત્ત થવાની પરિસ્થિતિમાં હતા અને ૨૫ વર્ષે ઘણો વૈરાગ્ય હતો ૨૪-૨૫ વર્ષે તો ઘણો વૈરાગ્ય હતો, કોઈ રીતે છૂટી જાઉં, કોઈ રીતે છૂટી જાઉં (એમ રહ્યા કરતું હતું) પણ પૂર્વ કર્મનો ઉદયનો ભીડો એવો હતો (કે) છૂટી શકતા નહોતા. વર્ષમાં એક-બે મહિના નિવૃત્તિ માટે ખંભાતને એ બાજુ ચરોતર બાજુ ચાલ્યા આવતા હતા. પણ વચ્ચે પોણા બે વર્ષ સુધી નથી નીકળી શક્યા. એટલે એક વર્ષ ખાલી ગયું. પછી બીજું પોણું (૩/૪) વર્ષ ગયા પછી લગભગ ચોમાસાના દિવસોમાં દર વર્ષે એ નિવૃત્તિ (અર્થે) નીકળતા હતા. શ્રાવણ-ભાદરવો-આસો મહિનામાં, વ્યવસાયની અંદર પણ દરેકને વ્યાપાર ઓછો હોય છે અને એ નિવૃત્તિના દિવસો ગણાય છે. ચોમાસુ એ

ધાર્મિક દિવસોમાં ગણાય છે. ચાર મહિના તો બધા શાંતિ રાખીને કાંઈ ધર્મસાધન કરે એમ વચ્ચે પોણા બે વર્ષ ખાલી ગયા! પોણા બે વર્ષે બહાર નીકળ્યા (હતા) અને ત્યારે પણ જાણે પ્રવૃત્તિનો પછડાટ લાગ્યો હોય એવી પરિસ્થિતિ છે. ઘણો ખેદ થાય છે, એ વાત જ્ઞાનદશામાં છે.

**''ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો...''** આયુષ્ય પૂરું થવાની તૈયારી દેખાય તો સંસારના કાર્યો જલ્દી-જલ્દી પતાવવા કે આત્મકલ્યાણ જલ્દી-જલ્દી કરી લેવું ? સંસારના કાર્યો સહુના પ્રારબ્ધ પ્રમાણે થવાના છે, પોતે કરે તો થાય એવી ભ્રાંતિ રાખવા જેવી નથી. ઘરના એકે એક સભ્ય બધા જ પોતાનું પ્રારબ્ધ લઈને આવ્યા છે, એનું કારણ એ છે; રોજનો દાખલો છે. કે ઘરમાં એક જ તપેલાની ખીચડી દસ જણાં ખાય એકને ગેસ થાય અને એકને પેટ સાફ આવે; એકને ઊલટી થાય, એકને કબજિયાત થાય ને તો એકને વળી ઝાડા થાય એ ની એ ખીચડી બધાએ ખાધી છે. બધાના પૂર્વકર્મ પ્રમાણે બધું ચાલે છે. નિમિત્તો સરખા હોવા છતાં પણ એના પ્રત્યાઘાતો સરખાં હોતા નથી. જ્યારે એ કુદરતી વ્યવસ્થા છે, પછી હું કરી દઉં એ વાત આવી ક્યાંથી ? એ આપણી કલ્પના છે, આપણે નહીં હોઈએ તોપણ જે ચલવાનું છે એમ જ ચાલવાનું છે. આપણા પિતાશ્રી, દાદાઓ બધા એવું જ ઈચ્છતા હતા, એવું જ માનતા હતા કે અમે બેઠાં છીએ તો કાંઈક બધું સરખું ચાલે છે. એ બધા ચાલ્યા ગયા પછી પણ જેને સરખું ચાલવાનું હતું તેને સરખું ચાલ્યું અને નો'તું સરખું ચાલવાનું તેને સરખું ન ચાલ્યું. એમના હોવાથી પણ નો સરખું ચાલે તો; નો જ સરખું ચાલે. એમાં કોઈનું ડહાપણ કામ આવતું નથી. એ પ્રારબ્ધ ઉપર વિશ્વાસ રાખીને અને એ વિશ્વાસને કારણે પોતે ઉદાસીનતામાં આવે એ પ્રકાર આપણી વિચારધારાનો હોવો જોઈએ, એને સુવિચારણા કહે છે. શું કહે છે ? કોઈ પણ પરિસ્થિતિમાં આત્મકલ્યાણની વાત મુખ્ય થવી અને કોઈ પણ પરિસ્થિતિમાં એ રીતે વાતને વિચારવી એને જ્ઞાનીઓએ સુવિચારણા કીધી છે.

ગમે તે પરિસ્થિતિમાં વિચારવાન જીવ છે એ એમ વિચારે છે કે આ પરિસ્થિતિમાં હું મારું આત્મકલ્યાણ કેવી રીતે કરી શકું ? **''જો પ્રગટે સુવિચારણા, તો પ્રગટે નિજજ્ઞાન.''** આત્મજ્ઞાન પ્રગટવાનું કારણ આ સુવિચારણા છે. ખાવું છે તો આત્માર્થે, અને ઉપવાસ કરવો છે તોપણ આત્માર્થે; બોલવું છે તોપણ આત્માર્થે અને મૌન રહેવું છે તોપણ આત્માર્થે, રળવું છે કમાવું તોપણ આત્માર્થે અને નિવૃત્તિ લેવી છે તોપણ આત્માર્થે; મારો આત્માર્થ કેમ સરે એ એક જ લક્ષે, મારે જે કંઈ કરવું છે તે કરવું છે અને નથી કરવું તે નથી કરવું. એવી જે વિચારણા એને સુવિચારણા કહે છે. જો એવી સુવિચારણા હોય તો એમાંથી આત્મજ્ઞાન પ્રગટ થાય. **''જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ''** અને એ આત્માજ્ઞાનથી દર્શનમોહ તો ખલાસ થયો, ચારિત્રમોહ પણ ખલાસ થઈને છેવટે નિર્વાણપદની પ્રાપ્તિ થશે. આ એક કડીમાં સંક્ષેપમાં સુવિચારણાથી નિર્વાણપદ સુધીની આખી સાંકળ (સંકલના) મૂકી દીધી (છે).

કૃપાળુદેવનું વિષયને રજૂ કરવાનું સામર્થ્ય પણ અસાધારણ હતું. કોઈ પણ વિષયને એ વ્યકત કરતા હતા (ત્યારે) એમનો ઉપયોગ ચારે પડખે ફરી વળે અને એટલો ઊંડો જાય !! વિસ્તાર પણ એટલો જ અને ઊંડાણ પણ એટલું જ ! એમની અનેક વિશિષ્ટતાઓ માંહેની (એક) આ પણ વિશિષ્ટતા છે. ઘણી વિશિષ્ટતાઓ હતી. આપણે 'ધન્ય આરાધના' માં ઘણી વાતો લખી છે. કૃપાળુદેવનું ગુણ સંકિર્તન - ગુણોનું કિર્તન કરેલું છે. આપણે એ ગુણસંકિર્તનમાં-ઉપોદ્‌ઘાતમાં બધી વાત નાંખી છે એક એક ગુણ કેવા કેવા હતા! (જે આ પુસ્તકની શરૂઆતમાં કૃપાળુદેવના પરિચયરૂપે છપાયેલ છે).

**''ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત હો''** નિમિત્તોની અનુકૂળતા ન હો, દુષ્ટ નિમિત્તો હો, પ્રતિકૂળ નિમિત્તો હો, **''પણ એમ કરવું જ.''** એમ કરવું એટલે આત્મકલ્યાણ કરવું જ. જન્મ-મરણ ન થાય એ રસ્તો પકડવો જ. **''ત્યાં સુધી હે જીવ ! છૂટકો**

**નથી. આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે.''** એટલે આત્મામાંથી, અંતર આત્મામાંથી એ અવાજ આવે છે કે, હે જીવ ! તારે આ જ કરવાનું હોય બીજું તારે વિચારવાનું પણ ન હોય એમાં બીજો વિકલ્પ હોય જ નહીં. **''અને તે યથાયોગ્ય લાગે છે.''** એવો જે અંદરથી અવાજ આવે છે તે, યથાયોગ્ય લાગે છે. એમાં યથાર્થતા છે અને એ યથાર્થતા વર્ધમાન થઈને સમ્યક્ત્વરૂપે પરિણમશે.

મુમુક્ષુની ભૂમિકાની યથાર્થતા અને જ્ઞાનદશાની ભૂમિકાની સમ્યક્તા એ બન્ને એકબીજાના અનુસંધાનવાળી વાત છે. એ યથાર્થતાનું અનુસંધાન છે. તે સમ્યક્ત્વમાં થશે. એટલે યથાર્થતાની કિંમત છે. શેની કિંમત છે ? યથાર્થતાની કિંમત છે. એમણે આખી જે યોજના લીધી છે તે યથાર્થતા ઉપર લીધી છે. નહીંતર તો જીવનો દર્શનમોહ પૂર્વે અયથાર્થપણે અનેક વાર મંદ થયો છે, પણ પાછો તીવ્ર થઈ ગયો છે. મંદ થયો છે, પાછો તીવ્ર થઈ ગયો છે ચારિત્રમોહ પણ અનંતવાર મંદ થયો છે, પાછો તીવ્ર થઈ ગયો છે. કેમ ? કે યથાર્થ લાઈન હાથમાં નથી આવી. (એટલે) ઉભાંગડે કાંઈ ને કાંઈ કર્યું, તાત્કાલિક તો ઠીક લાગ્યું, પણ વળી પાછી પરિસ્થિતિ તેની તે.

દાખલા તરીકે, કોઈ એક જીવ જૈન સંપ્રદાયમાં જન્મે છે, ભૂતકાળમાં જૈનધર્મની અનુમોદના કરી લીધી હશે એટલે જૈન ધર્મના કુળમાં એ જન્મે છે. પછી એ પોતાના વીતરાગ દેવ સિવાય બીજાને માનતો નથી; માનતો હોય તો એ વાત તો વધારે પડતી ખરાબ છે. અનંત સંસારી હોય એ જ એવી રીતે માને પણ કોઈ નથી માનતો, કે, મારા જિન પરમેશ્વર સિવાય મારે બીજા કોઈ દેવ હોઈ શકે નહીં. વીતરાગદેવ એ જ મારા દેવ; કોઈ સરાગી દેવ, મારા દેવ હોઈ શકે નહીં. એવું એને જ્યારે પોતાને પરિણમન રહે છે ત્યારે દર્શનમોહ અવશ્ય ઘટે છે. એવી જ રીતે કોઈ પુણ્યના યોગે જ્ઞાનીના, સમાગમમાં આવી જાય છે અને ત્યાં પણ એને (એ) ઠીક લાગે છે કે આ જ્ઞાનીપુરુષ છે, ભલે ઓળખાણ નથી થઈ (પણ) જ્ઞાનીપુરુષ છે, એમનું બહુમાન કરવા યોગ્ય છે, વગર ઓળખાણે પણ કોઈની સોબતથી, કોઈના સંગથી, કુટુંબના સંગથી ગમે તેમ કરીને પણ એ પ્રકારમાં આવે છે, ત્યાં પણ એનો દર્શનમોહ ઘટે છે. પણ (એ) યથાર્થ પ્રકારમાં નથી આવતો એટલે ક્યારે પાછો તીવ્ર થાય એને ખબર પડે નહીં. temporary (થોડા સમય માટે) તો એક વાર ઘટી જાય કેમકે બીજા દેવને માનતો નથી, બીજા અજ્ઞાનીઓને માનતો નથી અને વીતરાગી દેવની ઘણી ભક્તિ કરે જ્ઞાનીની ભકિત કરે, પૂજા કરે, ત્યારે દર્શનમોહ ઘટે, ન ઘટે એમ નથી પણ યથાક્રમે, સમજણપૂર્વક આગળ ચાલતો હોય તો આખી લાઈન હાથમાં આવી જાય. દર્શનમોહ તીવ્ર ન થાય, ઘટતો જાય, કપાતો – કપાતો –કપાતો – કપાતો સમ્યક્દર્શન સુધી પહોંચી જાય નહિતર (અયથાર્થ પ્રકારે) મંદ થયો હોય, (તે) પાછો તીવ્ર થાય એટલે બધું ગયું જેટલી કમાણી હતી ઈ હારી ગયો.

પ્રશ્ન : શું થવાથી દર્શનમોહ વધી જાય ?

સમાધાન : ક્યારેક પાછો કાંઈ કોઈ કુસંગમાં આવી જાય છે, પોતાને અહંભાવ આવી જાય છે, પર્યાયબુદ્ધિ તો છે જ. (એટલે) કાં તો અહંભાવ આવી જાય, (કે) મેં આટલું કર્યું, મેં આટલું કર્યું, મેં આટલું કર્યું, અને એ અહંભાવમાં દર્શનમોહ વધારે છે. ખાસ કરીને પર્યાયબુદ્ધિને લીધે દર્શનમોહ વધે છે, કાં કોઈ કુસંગે ચડી જાય છે, નહીં કરવા યોગ્ય એવી વ્યક્તિઓનો સંગ કરે એનો રંગ ચડી જાય છે કાં પોતાને જે કાંઈ કર્યું હોય તેનો અહંભાવ આવી જાય છે, અને પર્યાયબુદ્ધિ તીવ્ર થઈ જાય છે. દર્શનમોહ પાછો તીવ્ર થઈ જાય છે. મેં આટલી ભક્તિ કરી, મેં આટલું બહુમાન કર્યું, મેં આટલું સમર્પણ કર્યું, આ બધું ગણવા માંડે થઈ રહ્યું, પાછો દર્શનમોહ તીવ્ર થયો.

મુમુક્ષુની ભૂમિકા યોગ્ય પરિણામ કરતાં કરતાં પણ દર્શનમોહ ક્યાં–ક્યાં, કેવી–કેવી રીતે ઘટે અને ક્યાં–ક્યાં કેવી–(કેવી) રીતે વધે ? એના ઉપર એક

આખો article (લેખ) લખાઈ ગયો છે. 'પ્રયોજન સિદ્ધિ' વાંચી છે ? 'પ્રયોજન સિદ્ધિ'. આખો article (લેખ) જ દર્શનમોહ ઉપર છે. મુમુક્ષુની ભૂમિકામાં સ્થૂળપણાથી સૂક્ષ્મપણે જે જે દર્શનમોહ વધવા–ઘટવાના પરિણામ થાય છે તે બધા સમાધાન સાથે આપેલા છે. આ પ્રકારે દર્શનમોહ વધે અને એ જ પ્રકાર તોડવા માટે, આ પ્રકારે દર્શનમોહ ઘટે. ૭૦ થી ૭૫ points (મુદ્દા) લીધા છે. મોટો article (લેખ) થયો એટલે નાની પુસ્તિકા કરી. એ પણ જરા જોઈ લેવું, (જે આ પુસ્તકના પાછળના ભાગમાં છપાયેલ છે). સમાધાન થઈ જશે ત્યાં એ પણ ખબર પડશે કે આપણને હવે કઈ ભૂમિકામાં શું ચાલે છે ? કેવી રીતે ચાલે છે ? એમાં આપણને ક્યાં વધ–ઘટ થાય છે? એ પણ સમજાઈ જાય એવું છે. કેમકે ક્રમથી વાત લીધી છે. શરૂઆત આમ થાય છે, પછી આગળ વધે છે, પછી આગળ વધે, પછી આગળ વધે ત્યારે દરેક ભૂમિકામાં એ કેવી રીતે ભૂલ કરે છે? તો એને નુકસાન થાય છે, એ (ભૂલ) કેવી રીતે મટે તો નુકસાન ન થાય એ બધો પ્રયોજનભૂત વિષય લીધો છે. એ વિસ્તારથી જોવો હોય (અને) પોતાની ભૂમિકાને check કરવી હોય તો એ article (લેખ) જોઈ લેવો. એ article (લેખ) એવી પરિસ્થિતિમાં લખાણો છે કે ભાવનગરમાં નિયમિત–રોજ સ્વાધ્યાય ચાલે એમાં એક – એક (દરેક) વાતમાં પ્રશ્ન એ આવતો હતો કે (અહીંયા) દર્શનમોહને શું લાગે વળગે છે ? કોઈ પણ ન્યાય ચાલતો હોય, કોઈ પણ ભૂમિકાની વાત ચાલતી હોય, તો ત્યાં દર્શનમોહની પરિસ્થિતિ શું છે અને એ દર્શનમોહમાં તીવ્રતા આવે, મંદતા આવે તો એમાં શું શું પ્રકાર છે? રોજની એ ચર્ચા ચાલતી અને સાંજે walking માં જતા તો એ જ ચર્ચા ચાલતી, કેટલાય પડખાથી વાતો ચાલી, ત્યારે પછી એમ થયું કે આ તો કાંઈ યાદ નહીં રહે, (કોઈએ કહ્યું કે) આ તો તમે વાત કરે રાખો છો અને અમે સાંભળીએ છીએ. પણ પછી તો કાંઈ આટલી બધી વાતો સ્મરણમાં રહેશે નહીં. એટલે વ્યવસ્થિત રીતે આના ઉપર કાંઈ લખાય તો સારું. એ દર્શનમોહના વિષયમાં permanent (કાયમી) વિચારવાનું એક સાધન થઈ જાય. (એ) પછી એના ઉપર લખવાનું શરૂ કર્યું હતું.

પ્રશ્ન : ઓઘસંજ્ઞામાં રહે તો દર્શનમોહ તીવ્ર થાય?

સમાધાન : હા, તો તીવ્ર થઈ જાય, મૂલ્યાંકન થાય તો મંદ થાય. શું? કેટલું સરસ લીધું ! મુમુક્ષુની ભૂમિકામાં અંતર આત્માનું જોર કેવું હોય છે! આ મોક્ષનો foundation (પાયો) અહીંયા ઘડાય છે. આપણે બહુ મોટું building (મકાન) બનાવવું હોય તો એનું foundation (પાયો) સિમેન્ટ–કોંક્રીટ, concrete foundation જોઈએ. એમાં પથ્થરા નાંખી દીધા ને ચૂનો નાંખી દીધો એમ ન ચાલે. એનું પણ આખું engineering છે. પાયાનું આખું civil engineering – છે. અને એના જે તજજ્ઞો હોય છે એની પાસે એની તૈયારી કરાવવી પડે છે. પછી એ foundation ભરાય છે તો એ બીલ્ડીંગ ઘણાં વર્ષો સુધી ૧૦૦–૨૦૦ વર્ષો સુધી રહેવાને યોગ્ય થાય (છે). જ્યારે આ તો અનંતકાળ સુધી રહેવાને માટે યોગ્ય એવું નિર્વાણપદ છે એનું foundation છે. અને એ મુમુક્ષુની ની foundation તૈયારી કેટલી જોરદાર હોય! કેટલી powerful હોય છે !! એના માટે કૃપાળુદેવે આ વચનો લખ્યાં છે. અને જ્યારે આપણા મકાનમાં કે આપણા મંદિરમાં આપણે પાયાનો પહેલો પથ્થર મૂકીએ છીએ ત્યારે આપણે તેને celebrate (ઊજવીએ) કરીએ છીએ, 'મંગલ શિલાન્યાસ'. એની આમંત્રણ પત્રિકાઓ છપાવીએ છીએ કે નહીં ? એમ આવો જે નિર્ધાર થાય કે કોઈ પણ ભોગે મારે મારું આત્મકલ્યાણ કરી જ લેવું છે અને એમાં જે કાંઈ આડું આવશે તો એને હું કોરે કરીને પણ આત્મકલ્યાણ કરી લઈશ, પણ પાછો તો નહી વળું એટલે નહીં જ વળું એ નિર્ધાર છે એ મોક્ષપદનો મંગલ શિલાન્યાસ છે. અને મુમુક્ષુતાનો એ મંગલ પ્રારંભ છે.

આપણે 'આત્મજાગૃત્તિ' શરૂ કર્યું ત્યારે આ જ વિષય ઉપર 'મંગલ પ્રારંભ'નો (એક) article (લેખ) પ્રકાશિત થયેલો છે. પહેલા અને બીજા બે અંકમાં આખો

article (લેખ) પૂરો થયો છે, એમાં 'મંગલ પ્રારંભ'નું આપણે શીર્ષક આપેલું છે. એ મંગલ પ્રારંભ શેનો ? કે મુમુક્ષુની ભૂમિકાનો, અને મોક્ષપદના પ્રયાણનો મંગલ પ્રારંભ, મહાપ્રયાણ છે. કેવું પ્રયાણ છે? મહાપ્રયાણ છે, એનો મંગલ પ્રારંભ આવા નિર્ણયથી થાય છે.

કૃપાળુદેવે બહુ સરસ ચિતાર મૂકયો છે; તે જીવ exactly આ પરિણામમાં આવે છે અને એના અંતર આત્મામાંથી એવો અવાજ આવે છે કે હે જીવ ! આ વિના તારો છૂટકો નથી. એને એટલો જ આત્મવિશ્વાસ આવે છે કે હવે મારું કલ્યાણ અવશ્ય થઈ જશે, થઈ જશે ને થઈ જ જશે. જેના અંતરમાંથી પોતાના કલ્યાણ થઈ જવાનો આત્મવિશ્વાસ આવે તો એ બહુ સારી નિશાની છે, બહુ સારું ચિહ્ન છે, અને એ અનુમોદન કરવા યોગ્ય છે. પૂજ્ય ગુરુદેવ તો એમ કહેતા કે આત્મકલ્યાણની આ એક એવી વાત છે, એવી એક supreme quality ની વાત છે કે એમાં જો ઉત્સાહ આવે, ઉમંગ આવે, ને હોંશ આવે, એની અંદરથી આત્મા હા પાડે, તો મોક્ષનો ભણકાર અંદરથી આવે. શું આવે ? મોક્ષના ભણકારા અંદરથી આવે; અને એ બહુ સારું લક્ષણ છે.

એટલે અહીંયાં પાયાનો પથ્થર મૂક્યો, પાયાની શિલા મૂકી, હવે એના ઉપર ચણતર ચાલશે. મુમુક્ષુ પોતાની ભૂમિકામાં આગળ વધશે, ઉત્કૃષ્ટ ભૂમિકામાં આવ્યા પછી (એ) મોક્ષમાર્ગમાં પ્રવેશ કરશે. એ રીતે દર્શનમોહને ક્ષીણ કરીને મોક્ષમાર્ગમાં પ્રવેશ કર્યા પછી નિયમથી ચારિત્રમોહને પણ ક્ષીણ કરવામાં આગળ વધશે જેને મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે, એને નિર્વાણપદનું ત્યાં registeration, booking, advance booking થઈ જાય છે, ટિકિટ અહીંયા મળી જાય છે; reservation ટિકિટ અહીંયાં મળી જાય છે. તે મળવાની શકયતા અહીંયાં છે પણ તૈયારી પોતાને કરવાની છે. શુદ્ધ અંતઃકરણથી પોતાને તૈયારી કરવાની છે. આવી એક વર્તમાનની અંદર પરિસ્થિતિ છે, કુદરતી જૈન કૂળમાં આવવાનું થયું, આત્મકલ્યાણ કારક એવા જ્ઞાનીપુરુષોના વચનો ફુરસદ લઈને વિચારવાનો યોગ, પણ મળ્યો છે, હવે પોતે કેટલો આગળ વધે તે પોતાના પુરુષાર્થ ઉપર આધારીત છે. એટલે એ કરી લેવા જેવું છે, કોઈ પણ ભોગે કરી લેવા જેવું છે એવો જો નિર્ણય આવે તો એનું કામ થઈ જશે, એનું કામ અવશ્ય (થઈ જશે).

પ્રશ્ન : મોક્ષના ભણકાર આવે ત્યાર પછી ઓળખાણ થાય?


સમાધાન : ભલે ઓળખાણ પછી થાય એનો વાંધો નહી, પછી પણ ઓળખાણ થશે જ. આ તો (હજી) બહુ શરૂઆતની વાત છે; બહુ શરૂઆતમાં ભણકારા આવે પછી તો..... ઓળખાણ થાય પણ એક વાર લાઈન હાથમાં આવે, એકડો શીખે તો બગડો, (૨) થાય, બગડો શીખે તો તગડો (૩) થાય, પણ એકલા મીંડા મીંડા જ કર્યા કરે; એકડો જ ન થાય તો બગડો ક્યાંથી આવડે ? એવું છે. ત્યાર પછી બીજી કેટલીક વાતો લખી છે, જે આવતી કાલના સ્વાધ્યાયમાં લઈશું.

---


## આભાર

**'સ્વાનુભૂતિપ્રકાશ' (સપ્ટેમ્બર–૨૦૨૩, ગુજરાતી તથા હિન્દી) ના વિશેષાંકની સમર્પણ રાશિ શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાતા તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.**

# પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૧૪–A



પ્રશ્ન :– તે તેની વારંવાર ભાવના ભાવે છે. અને ભાવનાને અનુસાર ભવન થાય છે. જેવી ભાવના તેવું ભવન. એનો અર્થ શું?

ઉત્તર :– જેની રુચિ આત્મા તરફની હોય તો એની જ ભાવના આવે છે. જેવી રુચિ એવી ભાવના. એને પરતરફની રુચિ હોય તો એની ભાવના હોય છે. આત્માની રુચિ હોય તો આત્માની ભાવના આવે છે. આત્મા કેમ પ્રગટ કરવો? આત્માનું સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય? જ્ઞાન કેમ પ્રગટ થાય એવી ભાવના આવ્યા કરે છે અને એ ભાવના આવે એટલે એ રૂપે ભવન પરિણતિ થયા વગર રહેતી નથી. જેવી ભાવના હોય એવું ભવન થાય છે. જેવી રુચિ એવી એની ભાવના, એવો એનો પુરુષાર્થ અને એવી એની પરિણતિ થયા વગર રહેતી નથી. જેવી રુચિ એવો જ એનો પુરુષાર્થ. રુચિ પ્રમાણે જ બધું કાર્ય થાય છે. રુચિ પરની હોય, વિભાવ તરફની તો વિભાવના કાર્યો થાય, વિભાવની ભાવના થાય, વિભાવની પરિણતિ થાય. જેવી રુચિ એવું કાર્ય થાય.

એમ કહે કે અમારી રુચિ ઘણી છે પણ કાર્ય થાતું નથી. તો તારી રુચિ છે પણ એવી રુચિ હોય તો રુચિમાં ખામી છે અને કાં પુરુષાર્થ કરતો નથી એટલે થાતું નથી. રુચિ પ્રમાણે ભાવના અને ભવન થયા વગર રહેતું નથી.

પ્રશ્ન :– રુચિ અને પુરુષાર્થ બંને જોઈએ?

ઉત્તર :– રુચિ હોય તો પુરુષાર્થ થયા વગર રહેતો નથી. સાચી ઊંડી રુચિ હોય તો પુરુષાર્થ થાય જ. રુચિ મંદ હોય તો પુરુષાર્થ એ જાતનો હોય છે. રુચિ યથાર્થ હોય તો એની ભાવના એ જ રહે કે, મને આત્મા કેમ પ્રગટ થાય? આત્માની ખટક રહે, આત્માની લગની દિવસ ને રાત લાગ્યા કરે અને સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય? આત્માનું શું સ્વરૂપ છે? આત્મા જ્ઞાનસ્વભાવી છે, કેવી રીતે છે? એના દ્રવ્ય–ગુણ–પર્યાય શું છે? એના વિચારો આવ્યા કરે. તે રૂપે પુરુષાર્થ કરે, એ જાતની પરિણતિ પ્રગટ કરવાનો પ્રયાસ કરે.

પ્રશ્ન :– માતાજી! આત્મા શ્રદ્ધા અપેક્ષાએ ત્રિકાળીને વિષય કરે અને જ્ઞાન વડે કાર્યને વિષય કરે?

ઉત્તર :– શેનો વિષય? ત્રિકાળીને?

પ્રશ્ન :– હા, ત્રિકાળીનો. એમાં કાંઈ અંતર? શ્રદ્ધાથી આત્મા ત્રિકાળીને હું જ્ઞાયક જ છું એમ વિષય કરે અને એક નિશ્ચય જ્ઞાન એટલે કે નિશ્ચયનયથી હું ત્રિકાળી છું એમ .. વિષય કરે છે. તો એ બેમાં કાંઈ અંતર ખરું?

ઉત્તર :– એ બેમાં કાંઈ અંતર નથી. દૃષ્ટિ અપેક્ષાએ જેવો આત્માને ગ્રહણ કર્યો એવી રીતે જ્ઞાન ગ્રહણ કરે છે. પણ જ્ઞાનમાં એ છે કે, જ્ઞાન બધાને જાણે છે. દૃષ્ટિ એકને જ મુખ્ય રાખે છે, દૃષ્ટિ એકને જ ગ્રહણ કરે છે. બીજા કોઈને ગ્રહણ કરતી નથી. દૃષ્ટિનો વિષય એક જ છે કે જે આત્માને ગ્રહણ કર્યો. મુખ્યપણે એનું જોર એની ઉપર. જ્ઞાનનું જોર પણ એની ઉપર છે પણ જ્ઞાન એની સાથે સાથે બધું જાણે છે. એટલો ફેર છે.

(તત્ત્વચર્ચાનો શેષ અંશ આવતા અંકમાં..)



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી ‘આત્માની રુચિ’ અને ‘પુરુષાર્થનું સ્વરૂપ’ સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

રુચિ તો તેનું નામ કહેવાય છે કે જે વિષયની રુચિ હોય તેના વિના ક્ષણ પણ ચાલી શકે નહિ. પતંગિયું દીપકને જોતાં જ ચોંટી જાય છે, વિચાર નથી કરતું. તેવી રીતે વિચાર... વિચાર કરતા રહેવાથી શું ? વસ્તુને જ ચોંટી જાઓ ! આખા ને આખા વસ્તુમાં વ્યાપ્ત થઈને (તેને) ગ્રાસી લ્યો ! (૪૪૭)

*

રુચિ પોતાના વિષયમાં બાધક પદાર્થોને ફટાફટ હઠાવી દે છે. તેમાં રોકાઈ જતી નથી; (સીધી) પોતાના વિષયને જ ગ્રહણ કરી લે છે. (૪૫૬)

*

રુચિ પોતાના કાર્યમાં બાધા આવવા દેતી નથી, તે સંયોગને અને વિકલ્પને ગણતી નથી. (સ્વરૂપની) રુચિ હોય તો હર સમય આ ને આ જ (સ્વરૂપનું જ) ચિંતન ચાલતું રહે. (૪૯૭)

*

રુચિ હોય તો પ્રવૃત્તિમાં પણ પોતાના કાર્યમાં વિઘ્ન આવતું નથી. બીજા પાસેથી તો કાંઈ લેવું નથી, અને (સ્વયં) સુખનું તો ધામ છે. તેથી ઉપયોગરહિત ચક્ષુની જેમ (બહારથી) પ્રવૃત્તિમાં દેખાય ખરા પરંતુ ઉપયોગ (સાવધાની) તો આ તરફ (અંતરમાં) કામ કરતો હોય. (૪૯૮)

*

(સહજ પુરુષાર્થના વિષયમાં આપે કહેલું) પુરુષાર્થ કરું, પુરુષાર્થ કરું – તે વાત પણ નથી(સહજ પુરુષાર્થનું એવું સ્વરૂપ નથી). હું વર્તમાનમાં જ અનંત પુરુષાર્થનો પિંડ છું (એવા સ્વ આશ્રયમાં) પર્યાય દ્રવ્ય તરફ ઢળી જાય છે. તેથી (ઉપદેશમાં) પર્યાયની અપેક્ષાએ પુરુષાર્થ કરવાનું કહેવામાં આવે છે. (૨૨)

*

સંસારમાં બધા વિષયમાં પ્રયત્ન કરો છો તો અહીં (અંતરમાં સ્વરૂપનો) પ્રયાસ પણ કરો ને ! આ પ્રયાસમાં તો ઉત્કૃષ્ટ શુભભાવ થાય છે, કે જે બીજી કોઈ જગ્યાએ થતો નથી. આ પણ છે તો કૃત્રિમ પ્રયાસ, પરંતુ અકૃત્રિમ પ્રયાસ પહેલાં તે પણ આવ્યા વિના રહેતો નથી. (૩૦૮)

*

પ્રશ્ન : પ્રયાસ તો કરવો જોઈએ ને ?

ઉત્તર : અરે ભાઈ ! કૃત્રિમ પ્રયાસથી શું થશે ? તેના ઉપર વજન નહિ આવવું જોઈએ. ‘હું વર્તમાનમાં જ નિષ્ક્રિય ચૈતન્ય છું’ ત્યાં (સ્વરૂપમાં) આવ્યો તો પર્યાયમાં સહજ પ્રયત્ન ઉઠે જ છે. ‘હું’ તો અનંત પુરુષાર્થની ખાણ છું ને ! એક સમયના પ્રયાસમાં થોડો આવી જાઉં છું ? (૩૨૪)

*

# કહાન રત્નસાગરના અણમોલા મોતી.......

મારા ધડાક પહેલેથી! તું પામર છો કે પ્રભુ છો! તારે શું સ્વીકારવું છે! પામરપણું સ્વીકાર્યે પામરપણું કદી નહિ જાય! પ્રભુપણે સ્વીકાર્યેથી પામરપણું ઊભું નહિ રહે! ભગવાન આત્મા-હું પોતે-દ્રવ્યે પરમેશ્વરસ્વરૂપ જ છું એમ જ્યાં પરમેશ્વરસ્વરૂપનો વિશ્વાસ આવ્યો ત્યાં તુ વીતરાગ થયા વિના રહીશ જ નહિ. (૭)


*

અહો! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક જ છે, એ એને ભાસમાં આવે, ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક છું...જ્ઞાયક છુ. એમ ભાસમાં આવે, જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે. (૩૧)

*

ભાઈ! તું પંચમ કાળે ભરતક્ષેત્રે ને ગરીબ ઘરે જન્મ્યો છો એથી અમારે આજીવિકા આદિનું શું કરવું એમ ન જો! તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો, જે ક્ષેત્રે ને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો. મુનિરાજને ખબર નહિ હોય કે બધા જીવો સંસારી છે? ભાઈ! સંસારી અને સિદ્ધ એ તો પર્યાયની અપેક્ષાથી છે, સ્વભાવે તો એ સંસારી જીવો પણ સિદ્ધ સમાન શુદ્ધ જ છે. (૩૩)

('દ્રવ્યદ્રષ્ટિ જિનેશ્વર' માંથી સાભાર ઉદ્ધૃત)




## નવું પ્રકાશન

## 'અધ્યાત્મ પિપાસા' (ભાગ-૪)

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા'ની શ્રેણીનો ભાગ-૪ (ગુજરાતી) પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આગામી ૯૧માં જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે, તા. ૨૦-૧૨-૨૦૨૩ના દિવસે પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની આવશ્યકતા હોય તેઓએ પોતાની નકલ તા. ૨૦-૧૧-૨૦૨૩ સુધીમાં નીચેના નંબર પર રજીસ્ટર કરાવી લેવા વિનંતી.

– શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

શ્રી નીરવ વોરા ૯૮૨૫૦ ૫૨૯૧૩

*REGISTERED NO. : BVHO - 261 / 2021-2023*
*RENEWED UPTO : 31/12/2023*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

Printed Edition :
Visit us at : http://www.satshrut.org